પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૪ | ૨૬ ડિસેમ્બર, ૨૦૨૧, રવિવાર; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચિંતાજનક : રાજ્યમાં એકસાથે કોરોનાના ૧૭૯ કેસ

**ટ્રાવેલ હિસ્ટ્રી વગરનાં ૨ ઓમિક્રોન કેસ નોંધાયા : ૩૪ દર્દીઓ સાજા થયા : અત્યાર સુધીમાં ૮,૧૮,૨૩૨ નાગરિકો કોરોના વાયરસને મ્હાત આપી ચુક્યાં છે**

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોનાનો આંકડો દિવસેને દિવસે વિકરાળ બનતો જઈ રહ્યો છે. રાજ્યમાં આજે એક સાથે ૧૭૯ કોરોના કેસ નોંધાતા ચકચાર મચી ગઈ છે. તો બીજી તરફ ૩૪ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૨૩૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૬૮ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રાજ્ય સરકાર રસીકરણના મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૮૧,૯૨૬ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૮૩૭ કુલ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૨ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૮૨૫ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૮,૨૩૨ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૧૧૩ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે.આજે કોરોનાને કારણે ૨ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. ચોંકાવનારી બાબત છે કે, બંન્ને મોત રાજકોટમાં જ થયા છે. જો નવા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૬૧ કેસ, સુરત કોર્પોરેશન ૨૦, આણંદ ૧૮ વડોદરા કોર્પોરેશન ૧૪, રાજકોટ કોર્પોરેશન ૧૩, સુરત ૯, નવસારી ૫, બનાસકાંઠા-ખેડા ૪-૪, જુનાગઢ, કચ્છ, વલસાડમાં ૩-૩, અમદાવાદ, અમરેલી, ભરૂચ, ગાંધીનગર કોર્પોરેશન, જામનગર કોર્પોરેશન, જુનગઢ, રાજકોટ, વડોદરા ૨-૨ કેસ નોંધાયા છે. ભાવનગર કોર્પોરેશન, દાહોદ, ગાંધીનગર, ગીર સોમનાથ, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં ૧-૧ કેસ નોંધાયા છે.

## રાજ્યમાં ઓમિક્રોનના વધુ ૬ કેસ સાથે કુલ ૪૯ કેસ

એમિક્રોનનાં કુલ ૬ કેસ આજના દિવસમાં નોંધાયા છે. જે પૈકી એક યુ.કેથી આવેલી ૨૨ વર્ષની યુવતીનો કેસ નોંધાયો છે. ૩ કેસ ખેડામાં લંડનથી આવેલા ૩૮ વર્ષના પુરૂષ, ૩૫ વર્ષની સ્ત્રી અને તેની ૧૦ વર્ષની બાળકીનો નોંધાયો છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૨ કેસ નોંધાયા છે. જે પૈકી સૌથી ચિંતાજનક બાબત છેકે બંન્નેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. જેથી હવે સરકાર સ્વિકારે કે ન સ્વિકારે પરંતુ કોરોનાનો એમિક્રોન વેરિયન્ટ પબ્લિક ટ્રાન્સમિશન મોડમાં આવી ચુક્યો છે. એટલે કે લોકોમાં ફેલાવાનો શરૂ થઈ ચુક્યો છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૭ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો

**દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૧૮૯ નવા કેસ નોંધાયા : રકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે**



નવી દિલ્હી,તા.૨૫

ભારતમાં ઓમિક્રોનના ફફડાટ વચ્ચે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૨૮માં દિવસે કોરનાના નવા કેસ ૧૦ હજારથી નીચે રહ્યા છે. દેશમાં હજુ પણ કેરળમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૭૧૮૯ નવા કેસ નોંધાયા છે અને ૩૮૭ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે.૭૨૮૬.લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૭૭,૦૩૨૫૨ પહોંચી છે. રિકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે. દેશમાં નોંધાયેલા કુલ કૈસ પૈકી કેરળમાં ૩૨૮૧ કેસ નોંધાયા છે અને ૩૪૨ સંક્રમિતોના મોત થયા છે. ઓમિક્રોનના કુલ કેસ ૪૧૫ થયા છે.

## ૧૫થી ૧૮ વર્ષ સુધીના બાળકોને ૩જી જાન્યુઆરીથી વેક્સિનેશન આરંભાશે : મોદી

**હેલ્થ વર્ક્સ અને ફ્રન્ટલાઈન વોરિયર્સને બુસ્ટર ડોઝ ૧૦મીથી આપવાનું શરૂ કરાશે**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં જાહેરાત કરી હતી કે, દેશના ૧૫ થી ૧૮ વર્ષ સુધીના બાળકોને કોરોનાથી સુરક્ષિત બનાવવા ૩જી જાન્યુઆરી રાષ્ટ્રવ્યાપી વેક્સિનેશન આરંભાશે. સાથો સાથ ૧૦મી જાન્યુઆરીથી ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ અને હેલ્થ વર્કરને સુરક્ષિત બનાવવા બુસ્ટર ડોઝ આપવાનો દેશવ્યાપી કાર્યક્રમ આરંભાશે.**

## કોરોના નિયંત્રણ માટે ૧૦ રાજ્યોમાં મલ્ટિ-ડિસિપ્લિનરી ટીમો મોકલાશે

નવી દિલ્હી, તા.૨૫

ભારતમાં ઓમિક્રોન કેસની સંખ્યા ૪૦૦ને વટાવી ગઈ છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે, ઘણી રાજ્ય સરકારોએ રાત્રિ કર્ફ્યુ સહિતના નિયંત્રણોની જાહેરાત કરી છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે ૧૦ રાજ્યોની ઓળખ કરી છે જ્યાંથી ઓમિક્રોન અને કોવિડ-૧૯ના વધુ કેસ આવી રહ્યા છે. આ રાજ્યોમાં રસીકરણની ગતિ પણ ધીમી છે. કેન્દ્રએ આ રાજ્યોમાં મલ્ટિ-ડિસિપ્લિનરી ટીમો મોકલવાનો નિર્ણય કર્યો છે. આ ટીમો જે રાજ્યોમાં મોકલવામાં આવશે તેમાં - કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, મિઝોરમ, કર્ણાટક, બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને પંજાબ છે.

શનિવાર સવાર સુધીના અપડેટ મુજબ દેશમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા, ગુજરાત અને મધ્ય પ્રદેશે નાઈટ કર્ફ્યુની જાહેરાત કરી છે. યુપી અને ગુજરાતમાં નાઈટ કર્ફ્યુની શરુઆત શનિવારથી જ થશે. કર્ફ્યુનો સમય રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી રહેશે. દિલ્હી, કર્ણાટક અને ઓડિશામાં ક્રિસમસ અને નવા વર્ષની સામૂહિક ઉજવણી પર પહેલાથી જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચંદીગઢમાં જાહેર સ્થળોએ ૧ જાન્યુઆરીથી એવા લોકોના પ્રવેશ પર પ્રતિબંધ હશે જેમણે બંને ડોઝ લીધા નથી.

આઈઆઈટી કાનપુરના પ્રોફેસર મણીન્દ્ર અગ્રવાલે દક્ષિણ આફ્રિકાના ડેટાનું વિશ્લેષણ કર્યા બાદ કહ્યું છે કે ઓમિક્રોન સ્ટ્રેન ઝડપથી ફેલાવાનું મુખ્ય કારણ રોગપ્રતિકારક શક્તિની ઘટના છે. તેને હકીકતમાં વાયરસની વધેલી સંક્રામકતા સાથે ન જોડવી જોઈએ. તેમણે કહ્યું કે યુકેમાં હાલમાં કોન્ટેક્ટ અથવા બીટા રેટ .૫૨ છે, જે ગયા મહિનાના .૭૨ના દરથી ઓછો છે. ડેનમાર્કમાં પણ આવું જ થયું છે. જો એવું માનવામાં આવે કે ભારતમાં ૨૦ટકા લોકો તેમની રોગપ્રતિકારક શક્તિ ગુમાવી છે, તો માર્ચની શરૂઆતમાં દરરોજ ૧.૮ લાખ કેસ સાથે ટોચ પર આવી શકે છે.

## જેસલમેરમાં સેનાનું મિગ-૨૧ વિમાન ક્રેશ, પાયલટનું મોત

**દુર્ઘટના થઇ ત્યાંથી જેસલમેર લગભગ ૭૦ કિમી દૂર છે જે સ્થળે ફાઇટર જેટ પડ્યું છે તે પાક. બોર્ડર પાસે છે**



જેસલમેર,તા.૨૫

જેસલમેરમાં શુક્રવારે રાત્રે વાયુસેનાનું મિગ-૨૧ વિમાન ક્રેશ થઈ ગયું છે. ઘટના બીદા ગામની બતાવવામાં આવી રહી છે. સૂત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે ગોડાવણ બ્રીડિંગ સેન્ટર સુદાસરી પાસે વિમાન ક્રેશ થયું છે. આ દુર્ઘટનામાં પાયલટનું મોત થયું છે. જિલ્લા કલેક્ટર આશિષ મોદી સહિત પ્રશાસન, પોલીસ અને સિવિલ ડિફેન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી. બિદા ગામ સમ સેંડ ડ્યૂન્સથી લગભગ ૧૬ કિમી દૂર છે. સૂત્રોના મતે જે સ્થળે ફાઈટર જેટ પડ્યું છે તે પાકિસ્તાન બોર્ડર પાસે છે. જાણકારી પ્રમાણે આ વિસ્તાર સુદાસરી ડેઝર્ટ નેશનલ પાર્કમાં છે. આ એરિયા આર્મીના કંટ્રોલમાં છે.



મેરી ક્રિસમસ - હેપ્પી ક્રિસમસ : વિશ્વભરમાં ક્રિસમસની ઉજવણી ભારે ઉલ્લાસ અને ઉમંગપૂર્વક થઈ હતી... ખ્રિસ્તી પરિવારો અને ભગવાન ઈશુના ચાહકો - ભાવકોએ તેમના જન્મદિવસની ઉજવણી રંગબેરંગી રોશની શણગારાયેલ ક્રિસમસ ટ્રી અને શાન્તાક્લોઝની ગીફ્ટથી ધામધૂમથી ઉજવણી કરાઈ હતી... સાથે સાથે ખ્રિસ્તી પરિવારોએ ચર્ચમાં પ્રાર્થના કરી હતી.

## ભારત સહિત વિશ્વમાં મોંઘવારી વધવાના સંકેત

**અમેરિકામાં ૧૯૮૨ બાદ મોંઘવારી સૌથી ઊંચા સ્તરે છે : ભારતમાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારીત છુટક બજારની મોંઘવારી ૪.૯ ટકાના સ્તર પર પહોંચી છે**

નવી દિલ્હી, તા.૨૫

ભારતના લોકો મોંઘવારીથી પરેશાન છે અને માત્ર ભારત જ નહીં પણ અમેરિકા , જાપાન અને ચીનને પણ મોંઘવારીનો ડર સતાવી રહ્યો છે.નવા વર્ષમાં મોંઘવારી વધે તેવા ડરથી આ દેશો પણ ચિંતામાં છે. અમેરિકામાં ૧૯૮૨ બાદ મોંઘવારી સૌથી ઊંચા સ્તરે છે.ભારતમાં જથ્થાબંધ મોંઘવારીનો આંકડો ૧૨ વર્ષની ઉંચાઈએ છે.આમ નવા વર્ષમાં લોકો પરનો બોજ ઘટવાની જગ્યાએ વધે તેમ લાગી રહ્યુ છે.જાપાનમાં મોંઘવારી ૪૦ વર્ષની સૌથી ઊંચી સપાટીએ છે.જ્યારે બ્રિટનમાં મોંઘવારી ૨૦૧૧ પછીના સૌથી ઉંચા સ્તર પર પહોંચી છે.

કોરોના મહામારીની શરુઆત બાદ દુનિયાભરના દેશોમાં હાહાકાર મચ્યો હતો અને આર્થિક સ્તરે જે નુકસાન થયુ હતુ તેની ભરપાઈ હજી સુધી થઈ નથી અને હવે ઓમિક્રોન વેરિએન્ટ દુનિયાને ડરાવી રહ્યો છે.ફરી દુનિયાના વિવિધ દેશો નવેસરથી પ્રતિબંધ લગાવવાની તૈયારી કરી રહ્યા છે.મોટા મોટા દેશોમાં વધતી મોંઘવારીથી લોકોને ૨૦૨૨માં રાહત મળે તેવી આશા દેખાઈ રહી નથી. ભારતની વાત કરવામાં આવે તો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારીત છુટક બજારની મોંઘવારી ૪.૯ટકાના સ્તર પર પહોંચી ચુકી છે.બીજી તરફ જથ્થાબંધ બજારની મોંઘવારી ૧૨ વર્ષના હાઈ પર છે.આ સ્તર ડરાવનાર છે.હાલમાં જથ્થાબંધ મોંઘવારી ૧૪.૨૩ ટકાના સ્તરે છે.જથ્થાબંધ મોંઘવારી સતત આઠ મહિનાથી ડબલ ડિજિટમાં છે.તેની પાછળનુ કારણ પેટ્રોલિયમ પેદાશો, ફૂડ પ્રોડક્ટસ વગેરેના ભાવોમાં વધારો છે.મોંઘવારીની અસર કપડા અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો પર પણ દેખાઈ રહી છે.

## તિહાર જેલમાં ૮ દિવસમાં પાંચ કેદીનાં મોતથી ચર્ચા

**તમામ ૫ મોત અલગ-અલગ જેલમાં થયા છે, સૌના મોતનું કારણ બીમારી-અન્ય અજ્ઞાત કારણ તરફ ઈશારા કરે છે**

નવી દિલ્હી, તા.૨૫

તિહાડ જેલમાં શુક્રવારે વધુ એક કેદીનુ મોત થઈ ગયુ. કેદીની તબિયત સારી નહોતી. કેદીના મોત બાદ સીઆરપીસી કલમ ૧૭૬ હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. છેલ્લા ૮ દિવસમાં તિહાડ જેલમાં આ પાંચમુ મોત છે. પોલીસ અનુસાર તમામ પાંચ કેદીઓના મોત કુદરતી મૃત્યુ છે. દિલ્હી પોલીસ અનુસાર તિહાડ જેલ નંબર-૩માં શુક્રવારે એક કેદીના મોતનો કેસ સામે આવ્યો છે. તેઓ પોતાની સેલમાં બેહોશ જોવા મળ્યા અને તેને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધા. કેસમાં મેજિસ્ટ્રિયલ તપાસ ચાલી રહી છે. તિહાડ જેલમાં છેલ્લા ૮ દિવસમાં ૫ મોત થયા છે. તમામ ૫ મોત અલગ-અલગ જેલમાં થયા છે. કોઈ પણ કેદીના મોતનો સંબંધ હિંસા સાથે નથી. આ સૌના મોતનુ કારણ જૂની બીમારી અથવા અન્ય અજ્ઞાત કારણ તરફ ઈશારા કરે છે. નિયમાનુસાર પ્રત્યેક કેસમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા પૂછપરછ કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## ગુરુ નાનકદેવજીએ સરહદોને પણ સુરક્ષિત રાખી છે : મોદી

**લખપત સાહેબમાં ગુરુ નાનક દેવજીના ગુરુપર્વની ઉજવણી : ગુરુ નાનકદેવજીએ કહ્યું હતું કે, તમામમાં ભગવાનના પ્રકાશને જોવાની જરુર છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી**




નવી દિલ્હી, તા.૨૫

ગુજરાતના કચ્છમાં આવેલા ગુરુદ્વારા લખપત સાહેબમાં આજે ગુરુ નાનક દેવજીનુ ગુરુપર્વ મનાવવામાં આવી રહ્યુ છે.

આ નિમિત્તે પીએમ મોદીએ વિડિયો કોન્ફ્રન્સથી ભાવિકોને સંબોધન કર્યુ હતુ.તેમણે કહ્યુ હતુ કે, અમેરિકાથી ૧૫૦ હેરિટેજ વસ્તુઓ પાછી લાવવામાં આવી છે અને તેમાં એક નાની તલવાર પણ હતી.જેના પર ફારસીમાં ગુરુ ગોવિંદ સિંહજીનુ નામ લખેલુ છે.આ સૌભાગ્ય મારી સરકારને મળ્યુ છે.સિખ ગુરુઓએ ભારતીય સમાજનુ મનોબળ વધાર્યુ છે.ગુરુ નાનકદેવજી અને બીજા ગુરુઓએ ભારતની ચેતનાની સાથે સાથે ભારતની સરહદોને પણ સુરક્ષિત રાખી છે.દેશ જ્યારે જાતિવાદના કારણે નબળો પડી રહ્યો હતો ત્યારે ગુરુ નાનકદેવજીએ કહ્યુ હતુ કે, તમામમાં ભગવાનના પ્રકાશને જોવાની જરુર છે અને કોઈની જાતિથી કોઈની ઓળખ નથી થતી.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, વિદેશી અત્યાચારીઓ તલવારની દમ પર ભારતની સત્તા છીનવી રહ્યા હતા ત્યારે ગુરુ નાનકદેવજીએ કહ્યુ હતુ કે, બાબર પાપ અને જુલમની તલવાર લઈને કાબુલથી આવ્યો છે અને તેના દમ પર ભારતની સત્તાનુ કન્યાદાન માંગી રહ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, ઔરંગઝેબ સામે ગુરુ તેગ બહાદુરજીનુ પરાક્રમ અને બલિદાને શીખવાડ્યુ છે કે, આંતક અને ધાર્મિક કટ્ટરતા સામે કેવી રીતે લડી શકાય છે.આ જ રીતે દસમા ગુરુ ગોવિન્દસિંહજીનુ જીવન પણ બલિદાન અને તપનુ જીવતુ જાગતુ ઉદાહરણ છે.અંગ્રેજોના શાસનમાં પણ સિખ ભાઈઓ અને બહેનોએ વીરતા સાથે દેશની આઝાદી માટે સંઘર્ષ કર્યો છે.ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે, ખાલસા પંથની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવનારા પંજ પ્યારામાં ચોથા ગુરુ સિખ ભાઈ મોકહમ સિંહ ગુજરાતના હતા. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, જામનગરમાં ૭૦૦ બેડની હોસ્પિટલ પણ ગુરુ ગોવિંદસિંહજીના નામ પર બનાવાઈ છે.

## લુધિયાણા કોર્ટ બ્લાસ્ટમાં જર્મનીમાં રહેતા ખાલિસ્તાન સમર્થકની ભૂમિકા

**પંજાબની કોર્ટમાં બ્લાસ્ટ પર સુરક્ષા એજન્સીઓનો ખુલાસો : જસવિન્દર સિંહ પાકિસ્તાનના નેટવર્કનો ઉપયોગ કરીને ભારતમાં હથિયારો અને વિસ્ફટકો પણ ઘૂસાડી રહ્યો છે**

ચંદીગઢ, તા.૨૫

પંજાબના લુધિયાણા કોર્ટમાં થયેલા બ્લાસ્ટ પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનુ બહાર આવ્યુ છે. સુરક્ષા એજન્સીઓનુ કહેવુ છે કે, જર્મનીમાં રહેતા ખાલિસ્તાન સમર્થક આતંકી જસવિન્દર સિંહે આ બ્લાસ્ટમાં મહત્વનો રોલ ભજવ્યો છે.મૂળે પંજાબનો રહેવાસી જસવિન્દર સિંહ પાકિસ્તાનના નેટવર્કનો ઉપયોગ કરીને ભારતમાં હથિયારો અને વિસ્ફટકો પણ ઘૂસાડી રહ્યો છે.

એવુ કહેવાય છે કે, આ વિસ્ફોટકોનો ઉપયોગ કરીને તે આતંકી હુમલા કરાવવાની યોજના બનાવી રહ્યો છે.તેણે એક ખેડૂત આગેવાનને પણ ટાર્ગેટ કર્યા હતા.

એક અધિકારીનુ કહેવુ છે કે, ખાલિસ્તાની પરિબળો દ્વારા પંજાબમાં અશાંતિ ફેલાવવાના પ્રયત્નો પર નજર રાખવામાં આવી રહી છે.પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સ પંજાબમાં આતંક ફેલાવવા માટે દોરી સંચાર કરી રહ્યા છે .આ વર્ષે પંજાબમાં ૪૨ વખત ડ્રોન દેખાયા છે અને કેટલાક મામલા રિપોર્ટ નથી થયા.આ ડ્રોનનો ઉપયોગ વિસ્ફોટકો અને હથિયારો ડ્રોપ કરવામાં થયો છે.

જર્મની સ્થિત ખાલિસ્તાની જસવિન્દર સિંહે કટ્ટરવાદી બનાવાયેલા એક વ્યક્તિની ઓગસ્ટ મહિનામાં ધરપકડ પણ કરવામાં આવી હતી.

## છત્તીસગઢમાં ૧૫ પાલિકામાંથી ૧૪ ઉપર કોંગ્રેસનો કબજો

રાયપુર, તા.૨૫

ગુજરાતમાં જે રીતે નગર પાલિકાઓની ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો થઈ ગયો હતો તે રીતે છત્તીસગઢમાં નગર પાલિકાઓની ચૂંટણીમાં ભાજપનો સફાયો થઈ ગયો છે. છત્તીસગઢમાં ૧૫ નગર પાલિકાઓની ચૂંટણીમાં ૧૪ નગર પાલિકાઓ પર કોંગ્રેસનો કબ્જો થઈ ગયો છે અને ભાજપના ફાળે માત્ર એક જ નગર પાલિકા આવી છે.૨૦૧૮ની વિધાનસભા ચૂંટણી બાદ ફરી કોંગ્રેસે જોરદાર દેખાવ રાજ્યમાં કર્યો છે.

આ ચૂંટણીએ સાબિત કર્યુ છે કે, કોંગ્રેસનો દબદબો રાજ્યમાં યથાવત છે.બીજી તરફ મુખ્યમંત્રી તરીકે ભૂપેશ બઘેલનુ સ્થાન પણ મજબૂત બન્યુ છે. આ ચૂંટણીના પરિણામોએ બતાવ્યુ છે કે, રાજ્યમાં ભાજપની સ્થિતિ નબળી પડી ગઈ છે.૨૦૧૮માં વિધાનસભાની ચૂંટણી બાદ ભાજપે ૨૦૧૯માં અહીંયા લોકસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો અને તેનાથી ભાજપને આગામી ચૂંટણીઓમાં સારો દેખાવ કરવાની જે આશા જાગી હતી તે ફળી નથી.

ગાંધીનગર માટે
આપનું LED TV, બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ચાલુ બેચના વિદ્યાર્થીઓને કડકડાટ અંગ્રેજી બોલતાં સાંભળ્યા બાદ ફોર્મ ભરો.
(રીઝલ્ટની આવી દાદાગીરી આખા ગુજરાતમાં અમારી જ છે.)
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૦૫૫૫
ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar